सत्यमेव जयते

**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



Apro/jm/2022/12/28/rs

તા. ૨૮-૧૨-૨૦૨૨

## સંદેશ

આપણી અમૂલ્ય વિરાસતમાં સમાજનું યોગદાન અનન્ય રહ્યું છે. દરેક સમાજની પોતિકી અભિવ્યક્તિ માટે કોઇ સીમાડા બન્યા નથી. સમાજના દરેક વ્યક્તિ નવી પેઢીનાં લગ્નોત્સુક બાળકોથી પરિચિત બને તે હેતુસર સમાજ દ્વારા વિવિધ આયોજનો હાથ ધરવામાં આવે છે.

દેશ-વિદેશમાં વસતા વૈષ્ણવ સમાજના લગ્નોત્સુક યુવાન-યુવતીઓની વિગતો આવરી લેતી 'વૈષ્ણવ લગ્ન પરિચય વાર્ષિક પુસ્તિકા ૨૦૨૩ (આઠમી આવૃત્તિ)' બહાર પાડવામાં આવી રહી છે તે જાણીને આનંદ થયો. આ નિમિત્તે યોજાનાર 'સદગુણ જયતે પ્રથમ લગ્ન પરિચય સંમેલન' આવકાર્ય કદમ છે. આજના યુગમાં સમાજના પરિવારો પરસ્પર પરિચય કેળવે તે ઉદ્દેશથી તૈયાર કરવામાં આવતી આવી પુસ્તિકાના પ્રકાશનનો વિચાર આવકાર્ય છે. પુસ્તિકા સમગ્ર વૈષ્ણવ સમુદાય માટે પથદર્શક અને પ્રેરણાદાયક બની રહેશે એવી અભિલાષા સાથે અંતઃકરણપૂર્વકના અભિનંદન પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

To,
**Shree Kaushalbhai J. Shah,** *Editor & Publisher,*
Samast Vaishnav Lagna Parichay Varshik Pustika,
**C/o. Shree Shakti Management,**
20, Centre Point, Panchvati Five Roads,
C.G. Road, Ahmedabad -380006.
Email:lpdindia04@gmail.com
Mo: 8866883883.

---

वंदे मातरम्

Azadi Ka Amrit Mahotsav

**Amit Thaker**
MLA, 42 Vejalpur, Gujarat

જા નં: ૭૦/૦૨/૨૦૨૩



શુભેચ્છા સંદેશ

તા. ૧૬/૦૨/૨૦૨૩

નમસ્કાર

આપના દ્વારા સર્વ સમાજના લગ્નોત્સુક યુવક અને યુવતીઓ માટે જીવનસાથી પસંદગી ની "પરિચય પુસ્તિકા" પ્રકાશિત કરવા માટે સૌ આયોજકો અભિનંદન યોગ્ય છે. આ સંપ અને સ્નેહ રાખી એકબીજાને મદદરૂપ થવું એ સાંપ્રત સમયમાં તથા લોકશાહીના યુગમાં અત્યંત જરૂરી છે.

જીવનસાથી ની પસંદગીએ જીવનની એક નવી શરૂઆતની સાથે સાંસ્કૃતિક દ્રષ્ટિ એ પણ ખુબજ મહત્વ ધરાવે છે. જેમાં માત્ર બે વ્યક્તિઓના મંગળ મિલનની સાથે પરિવારોના મિલન થાય છે. જે સર્વ સમાજના લગ્નોત્સુક યુવક - યુવતીઓનાં સુખી દાંપત્યજીવન માટે ભગીરથ કાર્ય બની રહેશે.

આ જીવનસાથી પસંદગીના પવિત્ર કામને સફળ બનાવનાર આગેવાનો અને શુભેચ્છકો ને આ મંગલદાયી કાર્ય માટે શુભેચ્છા સહ સંસ્થા સાથે સંકળાયેલા સહુ પરિવારોની ઉત્તરોત્તર પ્રગતી માટે અંતઃ કારણ ની શુભકામનાઓ પાઠવું છું.

આભાર

આપનો

(અમિત ઠાકર)

**SHRI AMIT THAKER**
M.L.A.
42, Vejalpur Gujarat Assembly
Ahmedabad-380051.

પ્રતિ
શ્રી કૌશિકભાઈ જે શાહ
૨૦, સેન્ટર પોઇન્ટ
પંચવટી પાંચ રસ્તા પાસે,
સી.જી.રોડ, અમદાવાદ



## શ્રી ગુરૂશરણભાઈ શાહ

સદ્‌ગુણ જયતે તારીખ ૨૬/૦૨/૨૦૨૩ ના રોજ તમોએ જે પ્રથમ લગ્નોસ્તુક સંમેલન -૨૦૨૩ રાખેલ છે અને તેની વિગતવાર પુસ્તિકા છપાવવાના છો તે માટે નો જે તમારો પ્રસાસ છે તે ખુબજ પ્રશંશનીય છે. અને આગળ પણ આવા સમાજઉપયોગી કાર્ય કરતા રહો તેવી શુભેચ્છા સહગુરૂશરણ શાહ ના જયશ્રીકૃષ્ણ

શ્રી કૌશલ ભાઈ તથા સહકાર્ય કરતા
લી. અતુલભાઈ જે. શાહ ના જય શ્રી કૃષ્ણ
આપશ્રી ઘણા વારસો થી સેવાકીય અભિગમ ધ્વારા નહિ નફો નહિ નુકસાન ના ધોરણે લગન પરિચય ડિરેક્ટરી પ્રકાશિત કરો છો. તેથી ઘણા બધા વ્યક્તિઓ ને વૈષ્ણવ લગ્નોત્સુક બાયોડેટા નો લાભ મળે છે અને દિન પ્રતિદિન સદર પ્રવૃત્તિમાં ખુબ ખુબ સફળતા પ્રાપ્ત કરો તેવી શ્રીનાથીજી બાવાના ચરણો માં વિનંતી

## શ્રી અતુલભાઈ શાહ





## શ્રી વિજયભાઈ ઠેકડી

શ્રી કૌશલ ભાઈ શાહ તથા સહ કાર્યકરો, લી. વિજયભાઈ ઠેકડી
આપ શ્રી આપની આગવી સુજ, પરિશ્રમ, સ્વ બુદ્ધિ, અડગ નિર્ણય, અને ખુશળતા પૂર્વક દરેક કર્યો ના આયોજન સફળ પંચરત્ન ગુનો નું બીજું નામ એટલે કૌશલ ભાઈ શાહ

શ્રી ભગવતભાઈ એમ. શાહ





શ્રી કૌશલભાઈ શાહ
લી. ભગવતભાઈ એમ. શાહના જયશ્રીકૃષ્ણ.
આપશ્રી છેલ્લા ઘણા વર્ષોથી સેવાકીય [illegible]
લગ્ન પરિચય માટે માનવજીવન યાત્રાને
સુખ શાંતી અને સમૃધ્ધિ તરફ લઈ જવાનો
ઉમદા પ્રયાસ કરો છો. પ્રેરણા, પ્રોત્સાહન,
પરોપકાર, અને પુરુષાર્થની ભાવના પ્રદાન કરો છો.
આપનું કાર્ય માનવજીવન યાત્રાને સહકારાત્મક,
હકારાત્મક અને રચનાત્મક અભિગમ માટે
વૈષ્ણવોને ~~પ્રોત્સા~~ પ્રોત્સાહિત કરો છો.
આપના આ સહકારાત્મક અને પ્રેરણાસ્પદ
કાર્યની સફળતા માટે વાકપતિ શ્રી વલ્લભના યુગલ
ચરણોમાં પ્રાર્થના કરું છુ.
શ્રી નાથદ્વારા આપને ત્થા આપના સર્વે
પરિવારજનોને પ્રસન્નતા, નિરામય દિર્ઘાયુષ પ્રદાન
કરે તેવા શ્રીનાથજી બાવાના ચરણોમાં વિનંતી કરું છું
લી. ભગવત એમ. શાહ



આદરણીય શ્રી કૌશલભાઈ શાહ,
જયશ્રીકૃષ્ણ !!
[illegible] પુસ્તિકા-2023
[illegible]
[illegible]
[illegible] ઉપર ખૂબ ખૂબ
અભિનંદન અને હાર્દિક શુભેચ્છા.
[illegible]
[illegible]
[illegible]
[illegible] રહી છે તે ખૂબજ
પ્રશંસનીય છે.
[illegible]
[illegible]
[illegible]
સમર્પિત કરું છું.
આપનો વિશ્વાસુ
ચંદ્રવદન બી. શાહ
પ્રમુખ
શ્રી મુંબઈ [illegible]



શ્રી ચંદ્રવદન બી. શાહ

: સંઘે શકિત કલિયુગે : 卐 ॐ 卐 : TOGETHER WE STAND :

**GLOBAL (VISHWA) GUJARATI VAISHNAV VANIK SAMAJ**
**ગ્લોબલ (વિશ્વ) ગુજરાતી વૈષ્ણવ વણિક સમાજ**
GGVVS IS A VAISHYA COMMUNITY VOLUNTARY ORGANIZATION
Founder, Organizer & Chairman / President (Global) : BHARATKUMAR R. SHAH
: +91 9725289196 • E-mail : ggvvsbr2102019@gmail.com
Website : http://ggvvs.com Download Application From Play Store : GGVVS
Global H.O. Address : 4, Maruti Duplex Society, Opp. Swaminarayan Temple, Gotri - Vasna - Iskcon Temple Road, Vadodara-39007. Gujarat, India.

## સસ્નેહ શુભાષિસ



પ્રતિ,
શ્રી કૌશલભાઈ શાહ,
સદ્‌ગુણ જયતે,
અમદાવાદ.

કર્ણાવતી નગરમાં આપની સંસ્થા લગ્નોત્સુક સંમેલન તથા શ્રીનાથજી ઝાંખી - શ્રી કૃષ્ણ ભક્તોત્સવ તા. ૨૬-૨-૨૩ નાં રવિવારના રોજ ઉજવી રહી છે તે જાણી અત્યંત પ્રસન્નતા થઈ. આપની સંસ્થા વર્ષ દરમ્યાન સામાજિક તેમજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરતી રહે છે તે ખુબજ પ્રશંસનીય બાબત છે
આજના સમયે દીકરા - દિકરીઓના વેવિશાળ પ્રશ્ને માવતર ખુબજ મૂંઝવણ અનુભવતા હોય છે, ત્યારે આપની આ લગ્નપરિચય પુસ્તિકા ઘણી ઉપયોગી બની રહેશે.

GGVVS, ગ્લોબલ ગુજરાતી વૈષ્ણવ વણિક સમાજ વિશ્વભરમાં પથરાયેલ તેના પચાસથી પણ અધિક ચેપ્ટર્સ થકી વૈષ્ણવ વણિક સમાજની પ્રગતિ તેમજ વિકાસ અર્થે સામાજિક, શિક્ષણ, ઓદ્યોગિક, વેપાર વ્યવસાય, ન્યાય, આરોગ્ય વગેરે ક્ષેત્રે યુવા, મહિલા તેમજ વરિષ્ઠ નાગરિકો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. GGVVS અમદાવાદ ચેપ્ટર વૈષ્ણવ સમાજ ઉપયોગી સેવાકાર્ય માટે સહકાર આપવા હંમેશા આપની પડખે ઊભો રહેશે

સમાજની પ્રગતિ તથા વિકાસ કાર્યો માટે આપ અને આપની ટીમ સહકારનો અભિગમ અપનાવી સેવાઓ પ્રદાન કરો છો તે બદલ સહૃદય અભિનંદન. આપની સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ નાં નિત નવા સોપાન સર કરતી રહે એવી શ્રીજીનાં ચરણોમાં શુભાભ્યર્થના.

ભવદિય વૈષ્ણવબંધુ
GGVVSian ભરતકુમાર આર શાહ નાં જય શ્રી કૃષ્ણ.
સ્થાપક અધ્યક્ષ તેમજ ગ્લોબલ પ્રમુખ
ગ્લોબલ ગુજરાતી વૈષ્ણવ વણિક સમાજ.
તા. ૪-૨-૨૩

**Ahmedabad & Gandhinagar Chapter Admins & Core Committee members**

| | | | |
|---|---|---|---|
| **Shri Bharat Sheth**<br>Vice Chairman<br>Western Region<br>+91 9825034767 | **Shri Siddharth Jadawala**<br>APEX Committee member<br>Senior Citizen convenor<br>+91 9426412240 | **Smt Manisha Shah**<br>Women wing In-charge<br>+91 94261 81666 | **Shri Puneet Shroff**<br>Yuva Forum member<br>GBDN In-charge<br>+91 9725046188 |

**Western India Regional office (Gujarat & Rajasthan)**
Address: 101 T6 Devnandan Heights, New CG Road, Chandkheda, Ahmedabad, Gujarat, India—382424
Email: westregion.ggvvs@gmail.com



॥ શ્રી કલ્યાણરાય પ્રભુ વિજયતે ॥

# ષષ્ઠ પીઠાધિશ્વર પ.પૂ.ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી



## સસ્નેહ શુભાશિષ,

**શ્રી શક્તિ મેનેજમેન્ટ**
**તંત્રી શ્રી, કૌશલભાઈ શાહ**

"ષષ્ઠ"

આપની સંસ્થા દ્વારા અવગત થઈ પ્રસન્નતાની અનુભૂતિ થઈ. **સમસ્ત વૈષ્ણવ લગ્ન પારચય વાર્ષિક પુસ્તિકા**નું પ્રકાશન ચતુર્થ અંક પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે તે માટે હાર્દિક શુભેચ્છા સહ શત્-શત્ શુભાશિષ.

આપની સંસ્થા દ્વારા સમાજના વિભિન્ન વિચારસરણી ધરાવતા લગ્નોત્સુક યુવા વર્ગ માટે સ્વયંની રૂચી પ્રમાણેના જીવનસાથી પસંદ કરવા માટે વિશાલ ફલક પ્રદાન કરવા માટે આયોજન રાષ્ટ્રીય સ્તરે કરવામાં આવી રહ્યું છે. આ સુંદર આયોજન માટે **શ્રી શક્તિ મેનેજમેન્ટ**ના પદાધિકારીગણ તેમજ કાર્યકર્તાઓને અભિનંદન સહ શુભાશિષ.

શ્રી કલ્યાણરાય પ્રભુની અસીમ કૃપાથી આપનું બહુજન હિતાય આયોજન સફલ-સુફલ સંપન્ન થાય તેમજ યુવક-યુવતીઓ પરસ્પર પરિચય કેળવી વિચારોના આદાન-પ્રદાન દ્વારા સુખમય જીવન પ્રાપ્તિનો મંગલ ઉદ્દેશ્ય પરિપૂર્ણ કરવા પરિણય સુત્રથી ગ્રથીત થાય અને તેમના દામ્પત્ય જીવનમાં પ્રસન્નતા, પ્રપન્નતા પ્રાપ્ત કરે તેવી શ્રી પ્રભુના યુગલ ચરણોમાં શુભાભ્યર્થના.

ભવદીય,

ગો. દ્વારકેશલાલ

(ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ)

ષષ્ઠપીઠ શ્રી કલ્યાણરાયજી મંદિર, શેઠ શેરી, બાજવાડા, બેંક રોડ, માંડવી, વડોદરા, ગુજરાત.

॥ શ્રી મહાપ્રભુજી વિજયતે ॥

# શુદ્ધાદ્વૈત શ્રી વલ્લભાચાર્ય પીઠ
# ગો.શ્રી. ૧૦૮ શ્રી કુંજેશકુમારજી મહોદયશ્રી



શક્તિ મેનેજમેન્ટ
**કૌશલભાઈ શાહ**
સમસ્ત વૈષ્ણવ લગ્ન પરિચય વાર્ષિક પુસ્તિકા **૨૦૨૩**
૨૦, સેન્ટર પોઈન્ટ કોમ્પલેક્ષ, પંચવટી, પાંચરસ્તા, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૬.

અતિ પ્રસન્નતા છે કે આપની સંસ્થા દ્વારા નિયમિત પ્રતિવર્ષે શ્રી સમસ્ત વૈષ્ણવ લગ્ન પરિચય વાર્ષિક પુસ્તિકાનું પ્રકાશન થાય છે. જે વર્તમાન સમયમાં અવિવાહિત યુવકો/યુવતીઓ તથા તેમના વાલીઓમાટે એક સેતુ રૂપ પુરવાર થાય છે. આપની આ સેવાકીયા પ્રવૃત્તિ માટે હાર્દિક શુભ મંગલકામના સહ શુભાશિર્વાદ પાઠવુ છું.

આપની સંસ્થા દ્વારા શુભ સંકલ્પ, સંસ્કાર, સેવા, સંગઠન, સંબંધો, સહકાર, સમજૂતી, સુખી લગ્ન જીવન માટે જે પ્રયત્નો થઈ રહ્યા છે. તે આધુનીક સમય માટે આશીર્વાદ રૂપ તથા સમાજ માં ખૂબજ ઉપયોગી પૂરવાર થાય છે. વાણીજ્ય યુગમાં આ પુસ્તીકા દ્વારા અનેક યુવકો/યુવતીઓ પોતાના યોગ્ય જીવન સાથી ની પસંદગી માટે જે માહિતી ઉપલબ્ધ થાય છ તે અનેકો માટે પ્રોત્સાહન તથા પથ દર્શક તરીકે દીવાદાંડી રૂપ બની રહે છે.

અમારા તરફથી સંસ્થાના પદાધિકારી તથા સંસ્થા સાથે જોડાયેલ તમામ અવિવાહિત યુવકો/યુવતીઓને હાર્દિક શુભાશિર્વાદ પાઠવી યોગ્ય જીવન સાથી પ્રાપ્ત થાય તેવી શુભ મંગલ કામના

ભવદીય
ગોસ્વામી કુંજેશકુમારજી

**શુદ્ધાદ્વૈત શ્રીવલ્લભગૃહ પીઠ (કડી-અમદાવાદ)**
"શ્રી વલ્લભધામ"
૩, પંચવટી સોસાયટી, જયહિન્દ ચાર રસ્તા પાસે, મણિનગર, અમદાવાદ-૮. ફોન : ૦૭૯-૨૫૪૫૨૪૨૪,
મો.: ૯૮૨૫૧૧૧૩૭૭, ૯૮૨૫૦૯૨૪૯૮
E-mail : krgoswami@yahoo.co.in, goswami108k@gmail.com Web : www.shreevallabhdham.com

॥ श्रीमद् वल्लभावचार्य चरणकमलेभ्यो नमः ॥



अखंड भूमंडलाचार्य जगदगुरु श्रीमद् वल्लभाचार्यजी महाप्रभूजी प्रर्वतीत
शुध्धाद्वैत पुष्टिमार्गीय वैष्णव संप्रदाचार्यवर्य श्री वल्लभकुलभूषण

# युवा वैष्णवाचार्य पू.पा. गो. १०८ श्री व्रजराजकुमारजी महोदयश्री



## પરમ ભગવદીયશ્રી કૌશલભાઈ શાહ

પરમકૃપાળુ શ્રીનાથજી પ્રભુની કૃપાથી અને શ્રીઠાકોરજીના અનુગ્રહથી જાણીને આનંદ થયો કે, આપશ્રીના અથાગ પ્રયત્નોથી એઈમ ઓફ લાઈફ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદના માધ્યમથી છેલ્લાં ૬ વર્ષોથી સમસ્ત વૈષ્ણવ લગ્ન પરીચય વાર્ષિક પુસ્તિકાના માધ્યમથી સમાજના યુવાનોને ઉત્કૃષ્ઠ સેવાઓ પૂરી પાડવાનુંભગીરથ અભિયાન કાર્યરત છે.

આજના આધુનિક જગતમાં સમયની દોડમાં કાર્યરત આજના યુવા સમાજ અર્થે સાંસારીક જીવન એટલે કે લગ્ન વિષયમાં અનુકુળ પાત્રને પ્રાપ્ત કરવાં સમસ્યાઓ ઉભી થતી જણાતી હોય છે. ત્યારે ટેકનોલોજીના આ યુગમાં મેટ્રોમનીના જમાનામાં પણ આપના આ લગ્ન પરીચય પુસ્તિકા યુવા સમાજમાં ખૂબ જ મહત્વની ભૂમીકા ભજવે છે. ત્યારે આ વર્ષે આપના ટ્રસ્ટના માધ્યમથી સમસ્ત વૈષ્ણવ લગ્ન પરિચય પુસ્તિકા ૨૦૧૯ (છઠ્ઠી આવૃતિ) પ્રકાશીત થવા જઈ રહી છે, એ જાણીને વિશેષ આનંદ થયો.શ્રીઠાકોરજીની કૃપાથી આપની આ દિવ્ય સેવા આવનાર વર્ષોમાં અવિરત ઉત્સાહ સાથે કાયમ બને એવી શુભભાવના સાથે, આપના દ્વારા પ્રકાશીત આ પુસ્તિકામાં સમ્મલીત થનાર તમામ યુવકો તથા યુવતીઓને તેમના જીવનસાથી પસંદગી એવં લગ્ન જીવન અર્થે અંતરના શુભાશિષ પ્રદાન કરીયે છે.

યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી
વ્રજધામ
આધ્યાત્મિક સંકુલ,
માંજલપુર,વડોદરા

ભવદીય

ગોસ્વામી
વ્રજરાજકુમારજી

ગો.વ્રજરાજકુમારજી




व्रजधाम आध्यात्मिक संकुल,मांजलपुर,वडोदरा-३९००११ गुजरात भारत
+91-265 2664255, +91 96625 47379
jeje@vyoworld.org www.vyoworld.org Vrajrajkumarji Goswami Vallabh Youth Organization (VYO)

aiseesoft

॥ श्रीहरिः ॥

॥ श्रीनटवरेशचरणशरणम् ॥



अखण्डभूमण्डलाचार्य जगद्गुरु महाप्रभु अनन्तश्रीविभूषित

श्रीमद् वल्लभाचार्यचरणवंशावतंस गोब्राह्मणप्रतिपाल श्रीगोपीनाथजी ज्योतिष्पीठाधीश्वर

श्रीमद् गोस्वामी श्रीव्रजनाथजी महाराजात्मज उदीयमान् आचार्य

# गोस्वामी श्रीमधुसूदनलालजी महोदय

GOSWAMI HAVELI

A·H·M·E·D·A·B·A·D





પ્રતિ,

શ્રીકૌશલભાઈ શાહ

આપના દ્વારા પ્રકાશિત સમસ્ત વૈષ્ણવ લગ્ન વિષયક પરિચય પુસ્તિકાના વિમોચન પ્રસંગે શુભાશીર્વાદ.

વૈષ્ણવોને સંગઠિત કરી એકબીજાની નજીક લાવવાનો આપનો આ ઉત્કૃષ્ટ પ્રયાસ ખરેખર પ્રસંશનીય છે. પ્રભુકૃપાના રસસિંચનથી આજે જે અંકુરણ થઈ રહ્યું છે તે પ્રતિવર્ષ ઉત્તરોત્તર વિકાસ સાધી વિશાળ વૃક્ષના રુપમાં પરિણમે એવી જ કૃપા શ્રીગોપીનાથજીમહારાજની બની રહે એવી શ્રીચરણોમાં અભ્યર્થના.....

આચાર્યશ્રીમાન્‌ની આજ્ઞાથી

અંગત સચીવ

તા. :

તંત્રીશ્રી
શ્રી કૌશલભાઈ શાહ
શ્રી સમસ્ત વૈષ્ણવ લગ્ન પરિચય પુસ્તિકા,

શ્રી સમસ્ત વૈષ્ણવ લગ્ન પરિચય વાર્ષિક પુસ્તિકા, ૨૦૧૬ , ચતુર્થ આવૃતિ વૈષ્ણવ અંકમાં યુવા વૈષ્ણવ માટે સંસ્કાર,સેવા,સંગઠન,સહકાર, સમજુતી = સુખી લગ્ન જીવન માટે સેવાકિય અભિગમથી કાર્યરત તમામ સેવાભાવિ કાર્યકરોને શુભેચ્છા પાઠવતા આનંદની લાગણી અનુભવુ છુ. તથા આ પ્રસંગે આપ સર્વેને આર્શિવચન પાઠવું છું.

સમાજીક ઉત્થાન માટે કાર્ય કરતા સંસ્થાના આવા શ્રેષ્ઠીઓ તથા આવા ઉમદા કાર્ય માટે સહકાર આપનાર આપ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન. સમાજમાં વિભિન્ન ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે આવા કાર્યો જરુરી છે. આ દ્વારા આપણે સમાજની સેવામાં યોગદાન આપીએ છીએ. આનાથી ઉતમ બીજુ કોઈ કાર્ય હોઈ શકે નહી આવા શુભકાર્યો ભાવિષ્યમાં થતા રહે તેવી અપેક્ષા સહ.

ભગવાન શ્રી જગન્નાથજીનાં આશીર્વાદ આપની સંસ્થા તથા સર્વે સભ્યો ઉપર હંમેશ માટે રહે તથા ઉત્તરોતર પ્રગતી થાય તેવી મારી પ્રભુને પ્રાર્થના.



લી.

દિલીપદાસજી

મહામંડલેશ્વર મહંત શ્રી દિલીપદાસજી મહારાજ

## પરમ ભગવદીય શ્રીકૌશલભાઈ જે. શાહ

તંત્રીશ્રી, પ્રકાશકશ્રી, સનાતન સેવક.



જય શ્રીકૃષ્ણ... આપ સર્વે સહકુટુમ્બ કુશળ-મંગળ હશો...

આપના તરફથી "સમસ્ત વૈષ્ણવ પરિચય વાર્ષિક પુસ્તિકા-૨૦૨૩" ની આઠમી આવૃત્તિ પ્રકાશિત કરી રહ્યાં છો. તે ખૂબ જ આનંદનો વિષય છે. જેમની પર આચાર્યકૂળનાં આશીર્વાદ હોય અને "કૃષ્ણ તવાસ્મિ" ની ભાવના હોય તેઓનાં તમામ મનોરથો પ્રભુ પાર પાડે જ પાડે.

આપના આદર્શ અને વ્યક્તિત્વની હું ખૂબ જ પ્રસન્નતા વ્યક્ત કરું છું. સાથે સાથે આપના દ્વારા "સમસ્ત જૈન લગ્ન પરિચય, ડોક્ટર માસ્ટરની પોકેટ લગ્ન પરિચય આવૃત્તિ" આમ ૨૦૧૨ થી ૨૦૨૨ સુધીમાં કુલ ૧૫ જેટલી આવૃત્તિઓ પ્રકાશિત કરી છે. તે ખૂબ જ લઘુ સમયમાં ઉજ્જવલ ક્રાન્તિ છે. જેને બીરદાવીએ છીએ.

હું આ કાર્ય નિરંતર ચાલતું રહે પેઢી દર પેઢી તેના અધિકતા વર્ધે તેવા શુભાશિર્વાદ આપું છું.

ઉક્ત કાર્યક્રમ ખૂબ ઉલ્લાસસભર સંપૂર્ણ થાય તેવી પ્રભુ પ્રાર્થના.

આપ સર્વેનાં હૃદયમાં બિરાજતા પ્રભુને દંડવત્ પ્રણામ.

- આપનો, ભાગવતઋષિ શાસ્ત્રી

ભાગવત ઋષિ

શ્રીભાગવત વિદ્યાપીઠ - સોલા

# Vaishnav Matrimonial Directory’s First Edition Memories

**The launching ceremony of Shree Samasta Vaishnav Lagna Parichay Directory First Edition (2011-12) was held on Sunday,19-02-2012 at 9:30 AM at Bala Bahucharaji Mandir, Under Sola Bridge, S.G. Highway, Ahmedabad, Which include Anand no Garbo and approximate 150 guests.**





પ્રથમ પુસ્તિકા ના વિમોચન વખતે ભવ્ય રીતે સામે વૈષ્ણવ વણિક પરિવાર નો જનાગોષ કર્યો હતો તેમજ
SVVP ની સૌ પ્રથમ શરૂવાત માં એક અગ્રગ્ન્ય સોપાન ની ભૂમિકા પ્રદાન કરવામાં મહત્વ નો ફાળો હતો



# Vaishnav Matrimonial Directory's Second Edition Memories

**The launching ceremony of Shree Samasta Vaishnav Lagna Parichay Directory Second Edition (2012-13) was held on Monday,8-04-2013 at 10:00 AM at Satsang Hall, Kalyan Pusti, Which was inaugurated by Dwarkeshlalji Maharaj**







પ.પૂ.ધ.ધૂ ૧૦૮ ગો. પાલક વલ્લભ કુળ કલ્યાણ પુષ્ટિ હવેલી પીઠાદિશ્વર ધ્વારકેશલાલ જી મહારાજ ની અસીમ કૃપા તેમજ તેમની ઉપસ્તીથી અને આશીર્વાદ થી દ્વિત્ય આવૃત્તિ વિમોચન મહાનુભાવો સાથે તેમના સાનિધ્યમાં ભવ્ય રીતે કરવા માં આવ્યું આશરે ૧૫૦ થી વધુ વૈંષ્ણવોં એ કમળ ચોક માં રાજભોગ પ્રસાદી ગ્રહણ કરી હતી અમો કલ્યાણ પુષ્ટિ પરિવાર તેમજ પૂજ્ય બાવાશ્રી ના આજીવન ઋણી રહીશુ





# Vaishnav Matrimonial Directory's Third Edition Memories - Exclusive Diwali Edition, Vishnu Yagna & Get Together

**Vishnu Yagna was held on 2-11-2014, Shri Natwarlal Somnath Shah was honored where he was completed 50 years of his married life. In this function, Respected 108 Shri Kunjeshlal Mahoday, Vrajdham Haveli has showered his blessings on senior citizen's couples and editor Kaushal Shah and Kunjeshlalji Mahoday has distributed Shrinathji statue to senior citizens couple.**

















દિવ્ય સમાચાર

23.09.2021


ચરોતરનો અવાજ

સમસ્ત વૈષ્ણવ લગ્નપરિચય પુસ્તિકા સાતમી આવૃત્તિ વિમોચન


















સમસ્ત વૈષ્ણવ લગન પરિચય વાર્ષિક પુસ્તિકા સાતમી આવૃત્તિ તેમજ સદગુણ જયતે ની ૧૪ મેં આવૃત્તિ પ્રકાશિત કરવા માટે ડાકોર ના ઠાકોર ને રાજભોગ ધરાવી વાજતે ગાજતે ધજાજી વરગોડા સાથે મંદિર પ્રકરમાં કરી ખુબજ ભવ્યતાથી પુસ્તિકા નું વિમોચન પૂજ્ય ખડાયતા મુરાબી વડીલ માન્ય શ્રી ભાગવત ભાઈ એમ. શાહ ના હસ્તે કરવા માં આવ્યું તથા આ આવૃત્તિ ના મુખ્ય સ્પોન્સર તેમજ દાતા શ્રી મયૂરેશ ભાઈ કાચવાળા (ગોપાલ ગ્લાસ વર્ક્સ) નો ખુબજ સહકાર રહ્યો હતો તથા દરેક અલગ અલગ જ્ઞાતિ ઘટકના અગ્રણી ઉપસ્થિત: રહી કાર્ય ક્રમ ની શોભા અભિવૃદ્ધિ કરી હતી




વૈષ્ણવ લગ્ન પરિચય વાર્ષિક પુસ્તિકાનું વિમોચન કરાયું

અમદાવાદ | વૈષ્ણવ લગ્નોત્સુક યુવક-યુવતી માટે 'સમસ્ત વૈષ્ણવ લગ્ન પરિચય વાર્ષિક પુસ્તિકા, 2021ની સાતમી આવૃત્તિનું વિમોચન સામાજિક અગ્રણીઓની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

28/9/21 Divyabhaskar page.no 5 Ahmedabad

ખોડિયારનગર મંદિરે શ્રીજીની શોભાયાત્રાનું આયોજન